# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ. અરણેજ ખાતે આંતરરાષ્ટ્રીય તૃણ ધાન્ય વર્ષ-૨૦૨૩ ની ઉજવણીના ભાગરૂપે તાલીમો નું આયોજન

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ, દ્વારા તૃણ ધાન્ય વર્ષ-૨૦૨૩ની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ જિલ્લાના બાવળા અને ધોળકા તાલુકાની ગ્રામ્ય મહિલાઓ માટે તૃણ ધાન્ય જાગરૂકતા કાર્યક્રમ, કેપેસિટી બિલ્ડીંગ ઓન પ્રોડકશન અને પ્રોસેસિંગ ઓફ મિલેટ તેમજ તૃણ ધાન્ય વાનગી વિષય પર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં બાવળા અને ધોળકા તાલુકાના જુદા જુદા ગામોની કુલ ૧૪૨ જેટલી મહિલાઓ, આંગણવાડી કાર્યકરો અને શાળાની વિધ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે ડો. કે. ડી. ગુલકરી, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કે.વી.કે. અરણેજ દ્વારા ખાદ્ય સુરક્ષા માટે તૃણ ધાન્યના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આપ્યું હતું. શ્રીમતી હિના ચાવડા વૈજ્ઞાનિક (ગૃહ વિજ્ઞાન) દ્વારા તૃણ ધાન્ય નું પોષણ મુલ્ય અને સ્વાસ્થ્ય અંગે, ઈજ. દિનેશ રંગપરા, વૈજ્ઞાનિક (કૃષિ ઈજનેરી) તરફથી તૃણ ધાન્યપાકો માટે કૃષિલક્ષી સાધનો અંગે, ડો. નિતિન પટેલ,વૈજ્ઞાનિક( પશુ વિજ્ઞાન) દ્વારા તૃણ ધાન્યનું પશુ પોષણમાં મહત્વ, ડો. નિતિન રાઠોડ વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા તૃણ ધાન્ય પાકોના વિવિધ રોગોનું વ્યવસ્થાપન તથા કૃષિ શ્રીમતી હિતેશ્વરી બેન દ્વારા તૃણ ધાન્યની ખેતી બાબતે માહિતી આપવામાં હતી.

આંતરરાષ્ટ્રીય તૃણ ધાન્ય વર્ષ-૨૦૨૩ની ઉજવણીના ભાગરૂપે સંકલિત બાળ વિકાસ યોજના અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે વિસરતી જતી વાનગી પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું.


સંશોધન કેન્દ્ર, અરણેજ


કોદરીની
ખિચડી
ઉપમા




INTERNATIONAL MILLET YEAR - 2023